RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૪૦ તા.૨૧–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૭–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧)તેરાપંથ ભવન સામેના ભગવતી નગરના પ્લોટ નં.૧૦૪(અમીત સુપર સ્ટોર્સ વાળું) પર હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્ર તથા મંજૂર પ્લાનની નકલ આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબત.**

**સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૨–૧૨ ની SMC/FAP/ નં.૬૪૦/૨૦૧૧–૧૨**

**શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૭–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) તેરાપંથ ભવન સામેના ભગવતી નગરના પ્લોટ નં. ૧૦૪(અમીત સુપર સ્ટોર્સ વાળું) પર હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્ર તથા મંજૂર પ્લાનની નકલ આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.**

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૯૬ તા. ૨–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી પણ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી દ્વારા અરજદારને આપેલ માહિતી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૬૨ તા. ૧૨–૦૩–૧૨ની નકલ મળેલ છે.

અરજદારની તા. ૧૭–૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૧–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં. (૧) તેરાપંથ ભવન સામેના ભગવતી નગરના પ્લોટ નં. ૧૦૪(અમીત સુપર સ્ટોર્સ વાળું) પર હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી પત્ર તથા મંજૂર પ્લાનની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૬૨ તા. ૧૨–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " ઉધનાઝોન દ્વારા વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. અત્રેથી મંજુર કરવામાં આવેલ ન હોય, આપશ્રી દ્વારા માંગવામાં આવેલ પ્લાનની નકલ રેકર્ડમાં ઉપલબ્ધ નથી" તેવું જણાવેલ.
(૨) હાલમાં ચાલતાં આ બાંધકામને કોર્પોરેશનની સ્ટ્રીટ લાઈટવાળા પોલ (થાંભલા) થી કેટલા ફુટ છોડીને બાંધકામ કરવાની પરવાનગી આપના વિભાગ તરફથી આપવામાં આવેલું છે તેની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૬૨ તા. ૧૨–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " ઉધનાઝોન દ્વારા પરવાનગી આપવામાં આવેલ ન હોય,ઉધનાઝોનના રેકર્ડમાં ઉપલબ્ધ નથી. " તેવું જણાવેલ.
(૩) હાલમાં ચાલતું આ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ તેની વિગત આપશો. તથા જો આ બાંધકામ મંજુર પ્લાન વિરુદ્ધનું હોય તો આ બાંધકામ વિરુદ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૬૨ તા. ૧૨–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ "માંગવામાં આવેલ માહિતીની વિગત ઉધનાઝોનના રેકર્ડમાં ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

(૪) હાલમાં ચાલતાં આ બાંધકામ સ્થળ પર અત્યાર સુધીમાં ડે. ઈજનેર કેટલીવાર મુલાકાત લીધી તથા તે મુલાકાત બાદતેઓ દ્વારા જે રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યે હોય તેની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૬૨ તા. ૧૨–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ "માહિતીની વિગત રેકર્ડમાં ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

વધુમાં અરજદારને અપીલ તબક્કે જો માહિતી મળે તો તે અંગે નારાજગી જણાવવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ માહિતી અત્રે મળેલ જણાતી નથી. જે સુચવે છે કે માહિતી મળ્યા બાદ અરજદારને તે અંગે નારાજગી નથી. અરજદાર અપીલ તબક્કે આધાર સહ તેવો પક્ષ રજૂ કરવા સફળ રહેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૧–૨–૧૨ ધ્યાને લેતાં ૨૧–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિ બાદ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી– ઉધનાઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,